150 YEARS OF CELEBRATING THE MAHATMA

પોષણ અભિયાના અંતર્ગત રાજ્યમાં ૭ કોર્પોરેશન તથા ૯૦ (નવા) ઘટક કક્ષાએ ૧૯૪ જગ્યાઓ આઉટ-સોર્સીંગથી ભરવા માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-આઇસીડી/૧૦૨૦૧૮/૧૨૩૨/બ૧
સચિવાલય ગાંધીનગર
તારીખઃ-૦૯/૦૭/૨૦૨૦

<u>વંચાણે લીધાઃ-</u>

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૯/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ-આઇસીડી/૧૧૨૦૧૯/૧૯૮/બ

(2) નિયામકશ્રી (આઈસીડીએસ) કચેરીનો પત્ર ક્રમાંકઃ આઈસીડીએસ/પોષણ અભિયાન/એનએનએમ/જગ્યા/મંજુરી/૮૨૨૧૪૩/૨૦૧૯, તા.૨૫/૧૦/૨૦૧૯

## <u>પ્રસ્તાવના</u>

આઇસીડીએસ સેવા અંતર્ગત ૦-૬ વર્ષના બાળકો સગર્ભા તેમજ ધાત્રી માતાઓ અને કિશોરીઓને આંગણવાડી કેંદ્રો પર પુરક પોષણ તેમજ જરૂરી સેવાઓ અને લાભો આપવામાં આવે છે. જેના સુદ્દઢ અમલીકરણ તથા હેતુઓ સિધ્ધ કરવા માટે નવા મંજૂર થયેલ ૯૦ ઘટકોમાં પોષણ અભિયાના અંતર્ગત નવી જગ્યાઓ ભરવી ઘણી આવશ્યક હતી. આથી વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી પોષણ અભિયાન અંતર્ગત રાજ્યમાં નવા ૭ કોર્પોરેશન(કો-ઓર્ડીનેટર-૭,પ્રોજેક્ટ આસીસ્ટન્ટ-૭) તથા ૯૦(નવા) ઘટક કક્ષાએ( બ્લોક-ઓર્ડીનેટર-૯૦, બ્લોક પ્રોજેક્ટ આસીસ્ટન્ટ-૯૦) જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવાની મંજુરી આપવામાં આવેલ છે.વંચાણે લીધેલ ક્રમાંક (૨)થી નેશનલ ન્યુટ્રીશન મિશનના અમલીકરણ માટે આઉટસોર્સિંગથી જગ્યાઓ ભરવાની મંજુરી તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી મેળવવા દરખાસ્ત રજૂ કરેલ હતી.

પોષણ અભિયાનનું સઘન રીતે અમલીકરણ થાય અને મોનિટરીંગ, રીપોર્ટીંગ અને યોજનાનો લાભ યોગ્ય લાભાર્થી સુધી પહોંચે તે માટે જિલ્લા કક્ષા અને બ્લોક કક્ષાની નીચેના

કોષ્ટક મુજબની કુલ ૧૯૪ જગ્યાઓની સેવાઓ નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૧ માસના કરારના ધોરણે સરકાર માન્ય એજન્સી દ્વારા આઉટસોર્સીગથી ભરવાની આથી મંજૂરી આપવામાં આવે છે .

| ક્રમ | હોદ્દો | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ(રૂ.) |
|---|---|---|---|
| ૧ | કો-ઓર્ડીનેટર | ૭ | ૩૦૦૦૦/- |
| ૨ | પ્રોજેક્ટ આસીસ્ટન્ટ | ૭ | ૧૮૦૦૦/- |
| ૩ | બ્લોક-કો-ઓર્ડીનેટર | ૯૦ | ૨૦૦૦૦/- |
| ૪ | બ્લોક પ્રોજેક્ટ આસીસ્ટન્ટ | ૯૦ | ૧૫૦૦૦/- |
| | કુલ | ૧૯૪ | |

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) આ મંજુર જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૮) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજુરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી.

(૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. :- ૧૦૬

મુખ્ય સદર :- ૨૨૩૬-પોષણ

પેટા મુખ્ય સદર :- ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર :- ૮૦૦ અન્ય ખર્ચ.

પેટા સદર:- ૦૧-એન.ટી.આર.૧૦ આંગનવાડી વર્કર તથા આન્ગણવાડી હેલ્પરને વધારાની સવલતો

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૬/૦૬/૨૦૨૦ ની નોધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(મનીષા પટેલ)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી,સચિવાલય, ગાંધીનગર
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. માન.રા.ક.મંત્રીશ્રી,મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ,સચિવાલય,ગાંધીનગર
4. અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
5. સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
6. સચિવશ્રી "આયોજન"ના અંગત મદદનીશશ્રી,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
7. કમિશ્નરશ્રી મહિલા અને બાળવિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી(આઇસીડીએસ),કમિશ્નરશ્રી મહિલા અને બાળવિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

9. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લાપંચાયતની કચેરી,જિ. ............
10. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,મ્યુનિસિપલ કોર્પોરેશન,જિ. ............
11. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, (અમદાવાદ,વડોદરા,સુરત,રાજકોટ)
12. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયતની કચેરી,જિ. ............
13. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન,મ્યુ.કો. ............
14. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય,ગાંધીનગર
15. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
17. નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
18. સર્વે તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિ. .............
19. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર-વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
20.શાખા સિલેક્ટફાઇલ